# મોડાસામાં સીસીટીવી કેમેરા નબળા પડતાં ચેઈન સ્નેચરો સક્રિય

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ગુન્હાખોરી પર અંકુશ મેળવવા તેમજ ગુન્હો બન્યા બાદ તેને ઝડપથી ઉકેલી શકાય તે માટે મોડાસા શહેરમાં ૭૭ લાખ રૂપિયાના ખર્ચ કરી શહેરના ઠેર ઠેર માર્ગો પર સીસીટીવી લગાવી દઈ જનતાના રૂપિયાનો બગાડ કર્યો હોય તેમ મેઈનટેનન્સના અભાવે સીસીટીવી કેમેરા નકામા બની ગયા છે. ૭૭ લાખ રૂપિયા પાણીમાં વહી જતા પ્રજાજનોમાં નગરપાલિકાના વહીવટ સામે અનેક પ્રશ્નાર્થ પેદા થાય છે. તદ્‌ઉપરાંત જિલ્લા પોલીસતંત્ર ચેઈનસ્નેચરો અને ઘરફોડીયા ગેંગ અને તસ્કરોને ઘૂંટણીયે પડી જતા લૂંટ-ચોરી અને ચેઈનસ્નેચરો બેફામ બની લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. મોડાસા શહેરના મેઘરજ રોડ પર સમૂહલગ્નમાં હાજરી આપી ઘરે પરત ફરતી મહિલાના ગળામાં પહેરેલો ૨ તોલા સોનાના દોરાની બે બાઈક સવાર ચેઈનસ્નેચરો સમડી બની ત્રાટકી લૂંટી ફરાર થઈ જતા મહિલા બેબાકળી બની હતી. મોડાસા રૂરલ પોલીસે ભોગ બનનાર મહિલાની અરજી લઈ સંતોષ માની લીધો હતો.

મોડાસા શહેરની વૃંદાવન સોસાયટીના રહીશ મહિલા ઈન્દુબેન આઈ. શ્રીગોડ સમાજના સમૂહલગ્ન મોડાસાના મેઘરજ રોડ પર આવેલા ઉમીયા માતાજી મંદિર ચોકમાં હાજરી આપી સાંજના ૫.૪૫ વાગે તેમના મોટા દિકરા અલ્પેશના ઘરે જતા હરિઓમ નગર સોસાયટી નજીક સમી સાંજે નંબર વગરની હાઈસ્પીડ બાઈક લઈ બે ચેઈન સ્નેચરોએ ત્રાટકી ઈન્દુબેનના ગળામાં પહેરેલો બે તાલો સોનાની ચેઈન સ્નેચીંગ કરી હવામાં ઓગળી જતા ભોગ બનનાર મહિલા અને તેના પરિવારજનો બેબાકળા બની ગયા હતા. ચેઈન સ્નેચીંગનો કિસ્સો બનતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને મેઘરજ રોડ પર ચેઈનસ્નેચરો બેફામ બની વારંવાર ચેઈન સ્નેચીંગની ઘટનાને અંજામ આપી રહ્યા હોવા છતાં પોલીસતંત્રની નિષ્ક્રિય કામગીરીથી ઉગ્ર રોષ ફેલાયો હતો. એક જાગૃત મહિલાએ તો મેઘરજ રોડ પર વારંવાર પોલીસતંત્રની જીપ ગાડીઓ ફરતી હોવાની અને પ્રજાજનોની રક્ષા કરતી હોવાનો માહોલ પેદા કરવાની સાથે ફક્ત ને ફક્ત હપ્તા ઉઘરાવવા જ ફરતી હોવાનો સીધો આક્ષેપ કર્યો હતો.












અંબાજીથી દાંતા વચ્ચે તીસુલીયા ઘાટમાં ખાનગી બસનો અકસ્માત અંબાજીથી દર્શન કરી પરત ફરતા થયો હતો. અકસ્માત દિયોદર તાલુકામાં આવેલા લીલાધરની સંકુલના વિદ્યાર્થીઓ અંબાજી દર્શન કરી જઈ રહ્યા હતા ત્યારે ખાનગી બસે કાબુ ગુમાવતા બસ પથ્થરની દિવાલ સાથે જોરદાર ટક્કર લાગતા બસમાં બેઠેલા ૬૦ બાળકો પૈકી ૩૫ જેટલા વિદ્યાર્થીઓને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે દાતા તથા પાલનપુર સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. હજી સુધી જાનહાનીના કોઈ સમાચાર નથી. જો કે એક વિદ્યાર્થીની હાલત વધુ ગંભીર હોવાનું જાણવા મળેલ છે.

# પાલનપુર હાઈવે પર સીલીન્ડરમાં આગ લગતા અફરા-તફરી મચી







પાલનપુર આબુ હાઈવે હનુમાન ટેકરી વિસ્તાર નજીક શેરડીના રસના સ્ટોલ પર રસોઈ બનાવતી સમય ગેસના સીલીન્ડરમાં આગ લાગી જતા અફરા તફરી મચી ગઈ હતી. બપોરના સમયે ભરચક એવા હાઈવે વિસ્તારમાં શેરડી રસના સ્ટોલ ચલાવતા પરિવાર રસોઈ બનાવતા હતા તે સમય ગેસના સીલીન્ડરમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જો કે આસપાસના લોકોએ પાણીથી આગ પર કાબુ મેળવ્યો હતો. સદનસીબે મોટી જાનહાની ટળી હતી. આ ધટનાની જાન થતાં પોલીસ પણ આવી પહોંચી હતી.

# ખેડબ્રહ્માના વરતોલ ગામમાં જમીનનો દસ્તાવેજ ન કરી આપતા છેતરપીંડીની ફરીયાદ

## ૧૬,૯૦,૦૦૦ રકમ પાછી ન આપતા વેચાણ રાખનાર છેતરાયો

ખેડબ્રહ્માના એક ઈસમને વરતોલ ગામની વ્યક્તિએ પોતાના પાડોશીની ખેતીની જમીન વેચાણ આપવા રૂ. ૨૨ લાખનો સોદો કરી તે પેટે રૂ. ૧૬,૯૦,૦૦૦ લઈ ૪૦ માસ પછી પણ વેચાણ દસ્તાવેજ ન કરી આપ્યો તેમજ લીધેલ રકમ પણ પરત ન આપવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્માની સાંઈનાથ સોસાયટીમાં રહેતા અમૃતભાઈ નાથાભાઈ પ્રજાપતી તાલુકાના વરતોલ ગામના વાઘેલા જનકસિંહ ભીખુસિંહના ખેતીના સર્વે નંબર ૨૭૭માં ઈંટો પાડવા માટે ૨૦૦૯ની સાલમાં રાખી હતી. ઈંટવાળાના કામને લીધે જનકસિંહ વાઘેલા સાથે સંબંધ બંધાયો હતો અને ઘરોબો વધતાં બંને એકબીજાની નજીક આવ્યા હતા. જનકસિંહની બાજુના સર્વે નંબર ૨૭૬ની ૫ એકર સંયુક્ત માલીકીની જમીન પારધી જલાભાઈ કાળાભાઈની આવેલી હતી અને આ જમીન વેચવાની હતી. આ જમીન વેચાણ આપવાનો જનકસિંહે અમૃતભાઈ પ્રજાપતીને વિશ્વાસ આપ્યો હતો અને આ ૫ એકર જમીનનો રૂ. ૨૨ લાખમાં જનકસિંહે સોદો કર્યો હતો અને ૩૦-૧૦-૧૩ના રોજ રૂ. ત્રણ લાખ આપ્યા હતા અને તા. ૨૦-૫-૧૪ના રોજ જમીનનો વેચાણ કરાર કરી રૂ. ૧૦ લાખ રોકડા આપ્યા હતા. તે પછી છુટક છુટક રૂ. ૩૯૦૦૦ જનકસિંહને આપ્યા હતા. આમ કુલ રૂ. ૧૬,૯૦,૦૦૦ સોદા પેટે જનકસિંહે લીધા હતા. આ વાતને ઘણો સમય થઈ ગયો હતો તેથી અમૃતભાઈએ જનકસિંહને વેચાણ દસ્તાવેજ કરી આપવા કહ્યુ હતુ ત્યારે જનકસિંહે વેચાણ દસ્તાવેજ કરી આપુ છુ તેવુ કહ્યુ હતુ પણ આજ દિન સુધી વેચાણ દસ્તાવેજ કરી આપ્યો નથી કે લીધેલ રકમ પરત આપી નથી. આમ જલાભાઈ કાળાભાઈ પારધીની સંયુક્ત માલીકીની જમીનનો જનકસિંહે વેચાણ દસ્તાવેજ ન કરી આપી કે લીધેલ રૂ. ૧૬,૯૦,૦૦૦ પરત ન આપી છેતરપીંડી કરી છે તેથી અમૃતભાઈ નાથાભાઈ પ્રજાપતીએ વરતોલ ગામના જનકસિંહ ભીખુસિંહ વાઘેલા વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# બનાસકાંઠા જિલ્લા ઓબીસી એસસી, એસટી એકતા મંચના પ્રમુખ પદે નરસિંહભાઈ દેસાઈની નિયુક્તિ

પાલનપુર, તા. ૧

હાલમાં રાજ્યભરમાં વિવિધ સમાજો તેમની માંગણીઓ સંદર્ભે જુદી જુદી રીતે સક્રીય બની સરકાર સામે લડત ચલાવી રહ્યા છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના બાઈવાડા ગામના શિક્ષિત અને સેવાભાવી યુવાન નરસિંહ હાથીભાઈ દેસાઈની બ.કાં. જિલ્લાના ઓબીસી, એસસી, એસટી એકતા મંચના પ્રમુખ તરીકે રાજ્યના પ્રદેશ પ્રમુખ અલ્પેશ ઠાકોરે નિયુક્તી કરતાં જિલ્લામાં અને તેમના મિત્ર વર્તુળમાં હર્ષની લાગણી પ્રસરી છે. આગામી સમયમાં જિલ્લામાં પ્રજાના હકો અને યોગ્ય માંગણીઓ માટે રચનાત્મક કાર્યક્રમો આપવામાં આવશે તેમ નરસિંહભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

# પ્રદેશ કોંગ્રેસ સમીતીના અનુ. જાતિના ચેરમેનના અધ્યક્ષસ્થાને મોડાસા સહકારી જીનમાં બેઠક મળી

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરની સહકારી જીનના હોલમાં બુધવારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતીના અનુસૂચિત જાતિ મોરચાના ચેરમેન નૌશાદ સોલંકીના અધ્યક્ષસ્થાન હેઠળ ૨૦૧૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને 'આપણો પુરૂષાર્થ... આપણી જીત'ના બેનર હેઠળ જિલ્લા અનુસૂચિત જાતીના કાર્યકરોની બેઠક યોજાઈ હતી. જિલ્લામાંથી મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો અને મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી સહકારી જીનના હોલમાં અનુસૂચિત જાતી મોરચાની મીટીંગ યોજાઈ હતી. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતીના ચેરમેન નૌસાદ સોલંકી અને વાઈસ ચેરમેન રામભાઈ ભાંભી ઉપસ્થિત રહી અનુસૂચિત જાતિ મોરચાના કોંગ્રેસી કાર્યકરોને આગામી સમયમાં યોજાનાર ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં વિજય મેળવવા કામગીરીમાં લાગી જવાની સાથે રાજ્યમાં ભાજપા સરકારના શાસનમાં દલિતો પરની અત્યાચારની ઘટનાઓમાં એકાએક થયેલો વધારો અને વારંવાર દલિત સમાજના લોકોને રંજાડવાની ઘટનાઓ અને ગામડાઓમાં દલિત સમાજના બહિષ્કારની ઘટનાઓ છાશવારે બનતી હોવાનો ઉલ્લેખ કર્યો હતો.



અનુસૂચિત જાતી મોરચાની જિલ્લા કક્ષાની મીટીંગમાં એ.આઈ. સી. સી.ના સદસ્ય પ્રવીણભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ સમીતીના પ્રમુખ કમલેન્દ્રસીંહ રહેવર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતીના મંત્રી જયદત્તસીંહ પુવાર, જિલ્લા અનુ. જાતિના ચેરમેન નિકુંજ રાઠોડ, જિલ્લા પંચાયત સામાજીક ન્યાય સમીતીના ચેરમેન રેવાભાઈ ભાંભી, તાલુકા સા.ન્યા. સમિતિના ચેરમેન જ્યોત્સનાબેન પરમાર, નારાયણ રાઠોડ, અમીત મકવાણા, રાજ્ય આઈ.ટી. સેલના મંત્રી આનંદભાઈ પરમાર, જિલ્લા મહિલા મોરચાના સુમિત્રાબેન, અનુ. જાતિ અગ્રણી કોંગ્રેસી મહિલા કાર્યકર કુંવરબેન પ્રણામી સહિત જિલ્લાના અનુ. જાતિ સમાજના કોંગ્રેસી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા અનુ. જાતિ પ્રમુખ નિકુંજ રાઠોડે સભાના સંબોધન કરતા ભાજપા સરકાર દલિત વિરોધી હોવાની અને કોંગ્રેસ સરકાર દલિતોની સરકાર હોવાનુ ભારપૂર્વક જણાવ્યુંહતું.

# પાલનપુરમાં નાગરિક મંચે ધરણાં યોજી કલેકટરને આવેદનપત્ર આપ્યું

જીલ્લા મથક પાલનપુર ખાતે નાગરિક મંચ સમિતિ બનાસકાંઠા દ્વારા ધરણા યોજી જીલ્લા કલેકટર ને આવેદન પત્ર આપ્યું હતું ભારત નું નાનું એવું રાજ્ય કેરળમાં છેલ્લા કેટલાય સમય થી માર્ક્સવાદી કોમ્યુનીસ્ટ પાર્ટી દ્વારા રાષ્ટીય સ્વયં સેવક સંઘ અને અન્ય હિંદુત્વવાદી સંસ્થાઓનું વૈચારિક અને રાજકીય વિરોધ કરવાવાળી સામે હિંસા ના વિરોધ માં ધરણા નું આયોજન કરવામાં આવ્યું હતું આજે પાલનપુર ખાતે નાગરિક મંચ દ્વારા યોજાયેલ ધારણા માં વિશાળ સંખ્યા માં લોકો હાજર રહ્યાં હતા ધરણા બાદ જીલ્લા કલેકટર જેનું દેવન ને આવેદનપત્ર આપ્યું હતું છેલ્લા કેટલાય વર્ષો થી ડાબેરી સરકાર ના રાજકીય પક્ષો સમયાંતરે રાષ્ટીય વિચારધારા ના લોકો ની નિર્મમ હત્યા અને ત્રાસ આપતું હોવાથી સમગ્ર દેશભર માં વિરોધ થયું રહ્યું છે.

# ધાનેરાની કારગિલ હોટલ પાસે સ્વીફ્ટ ચાલકે બે બાળકોને અડફેટે લીધા

**૧નું મોત ૧ ગંભીર**





પાલનપુર, તા.૧

ધાનેરા માં આવેલી કારગિલ હોટલ પાસે સ્વીફ્ટ ગાડી એ બે બાળકો ને અડફેટે લેતા એક નું મોત નીપજ્યું છે જયારે અન્ય એક ને ગંભીર ઈજા થતા સારવાર અર્થે ખસેડાયું છે

ધાનેરા ની કારગિલ હોટલ પાસે એક સ્વીફ્ટ ગાડી ના ચાલકે રસ્તા પાર ચાલી રહેલ સિદ્ધરાજભાઈ પીન્ટુભાઈ ભાંગી અને ઈલાબેન પીન્ટુભાઈ ભાંગી ને ટક્કર મારતા સિદ્ધરાજ નું ઘટના સ્થળ પરજ મોત નિપજતા અરેરાટી મચી જવા પામી છે ત્યારે ઈલા ને ગંભીર ઈજા થતા સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવી હતી જ્યાં ફરજ પરના તબીબ ડો.મિતેષ ડાભી ધ્વરા પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે આગળ રીફર કર્યા હતા

અકસ્માત ના બનાવ થી ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો ધ્વરા પોલીસ ને જાણ કરતા પોલીસે ઘટના સ્થળ પર પહોંચી તાપસ ચાલુ હતી.

# મોડાસાના દેવરાજધામ નજીક ડમ્ફરની અડફેટમાં બાઈકસવાર મહિલાનું ઘટનાસ્થળે મોત

મોડાસા, તા. ૧

શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા મોડાસાના પ્રસિદ્ધ દેવરાજધામ પાસેથી પસાર થતા બાયપાસ રોડ પર મંગળવારે રાત્રીના ૧૦ વાગ્યાના સુમારે બાઈક પર પસાર થતા ત્રણ લોકોને ડમ્ફર ચાલકે અડફેટે લેતા બાઈકસવાર મહિલાનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ અને બે વ્યક્તિઓ ગંભીર ઈજાગ્રસ્ત બનતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા તાબડતોડ મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયા હતા. અકસ્માતના પગલે સ્થાનિક લોકો મોડી રાત્રે રોડ પર ઉતરી આવી મોડાસા-ગોધરા બાયપાસ રોડને ચક્કાજામ કરી દઈ વારંવાર આ સ્થળે અકસ્માતની ઘટનાઓ બનતી હોવાથી અને નિર્દોષ લોકોએ જાન ગુમાવવા પડતા રોડ તંત્ર દ્વારા લોકોની સેફટી માટે સ્પીડબ્રેકર બનાવવાની ઉગ્ર માંગ કરતા સતત ભારે વાહનોથી દમધમતો માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા પોલીસે લોકોને સમજાવી ચક્કાજામ હટાવી ટ્રાફિક પૂર્વરત કરી હતી અને અકસ્માતે મોતનો ગુન્હો નોંધવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સના ડ્રાયવર અને તબીબે બન્ને ગંભીર ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી જીવ બચાવી લીધો હતો.



## આશા બહેનો અને ફેસીલેટર્સે આવેદનપત્ર આપી 'પગાર નહિ વધે ત્યાં સુધી હડતાળ'નું શસ્ત્ર ઉગામ્યુ

ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતી આશા બહેનો અને ફેસીલેટર્સ દ્વારા તેમને રાજ્ય સરકાર તરફથી અપાતા ફીક્સ વેતનમાં વધારો કરવાની માંગ સાથે તેમની માંગ ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચાડવા ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરને આવેદનપત્ર આપી જ્યાં સુધી ફિક્સ પગારના વેતનમાં વધારો ન થાય ત્યાં સુધી હડતાળનું શસ્ત્ર ઉગામી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરીને આરોગ્યલક્ષી તમામ પ્રકારની કામગીરીથી દૂર રહેશે. ટીંટોઈના આશા બહેનો અને ફેસીલેટર્સ દ્વારા આરોગ્યલક્ષી સેવાથી દૂર રહેવાની ઘોષણા કરતા ટીંટોઈ અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના લોકોને આરોગ્યલક્ષી સેવાઓ ખોરવાવાની દહેશત પેદા થઈ છે.

# પાલનપુરના માલણ દરવાજા વિસ્તારમાં વાહનો પાડવાનો સિલસિલો યથાવત

પાલનપુર, તા. ૧

પાલનપુર શહેરમાં રસ્તાના કામમાં ગરબડ ગોટાળાની ફરિયાદો સામાન્ય છે તેવામાં કામ શરૂ થાય એ પહેલા જ પાલિકા દ્વારા માલણ રોડ પર જે એજન્સીને કામ સોંપાયું છે તેણે બુદ્ધિનું પ્રદર્શન દર્શાવ્યું છે અને એક તરફના રોડને ખોદવાના સ્થાને આખો રોડ ખોદી દેતા વાહન ચાલકોએ ખાડામાંથી મજબુરીવસ પસાર થવું પડે તેવો ઘાટ ઘડાયો છે. પાટણની અરહ્મ એજન્સી દ્વારા ચાલી રહેલી આ કામગીરી આરંભે શુરા જેવી અત્યારે દેખાઈ રહી છે. પરંતુ નક્કર આયોજન અને આગોતરી જાણ વિના આડેધડ માર્ગ ખોદીને હજારો વાહન ચાલકોને બાનમાં લેવાનું કામ એજન્સી દ્વારા કરવામાં આવતા વાહન ચાલકો કફોડી હાલતમાં મુકાઈ ગયા છે. આજે પણ આ માર્ગ પર અનેક નાના મોટા વાહનો ફસાઈ જતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.



જો કે પાલિકાના સત્તાધીશો આ વિસ્તાર પ્રત્યે જાણે ઓરમાયું વર્તન કરતા હોય એમ કોઈએ અહીં મુલાકાત લેવાની તસ્દી સુધ્ધાં લીધી નહોતી.

# ગુરૂ બ્રાહ્મણ સમાજ મોડાસા આયોજીત સમૂહલગ્ન સમારોહ યોજાયો

અરવલ્લી જિલ્લા ગુરૂ બ્રાહ્મણ સમાજનો સમૂહ લગ્નોત્સવ મોડાસા ખાતે ઉત્સાહપૂર્વક યોજાયો હતો. આ સમૂહલગ્ન સમારોહમાં રાજ્યકક્ષાના અધ્યક્ષ ગૌતમભાઈ ગેડિયા અને શિક્ષણ તાલીમ ભવન ઈડરના પ્રાચાર્ય કે.ટી. પોરાણીયાએ પ્રવચન દ્વારા આર્શીવચન પાઠવ્યાં હતા. આ સમારોહના પ્રારંભમાં પ્રમુખ મહેન્દ્રભાઈ પંડ્યા, મહામંત્રી ગિરધરભાઈ પંડ્યા અને કન્વીનર ભાનુભાઈ પંડ્યા દ્વારા મહેમાનોને શાલ અને પુષ્પ ગુચ્છ આપી આવકારવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યકક્ષાના સંસ્થાના મહામંત્રી જે.વી. શ્રીમાળી, રેડક્રોસ સોસાયટીના ભરતભાઈ પરમાર, ભાનુભાઈ દવે, નીલાબેન પરમાર, સ્વપ્ર એજ્યુકેશનના ટ્રસ્ટી, પૂર્વ રાજ્યકક્ષાના પ્રમુખ રતિલાલ ઊજાંગી, સાબરકાંઠા જિલ્લા પ્રમુખ કે.પી. પંડ્યા, કાન્તાબેન પંડ્યા અને કનારસીના તંત્રી અરવિંદભાઈ ચોરસીયા, સહતંત્રી કે.કે. પંડ્યા સહિતના મહાનુભાવો સંતો, મહંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા.

આ પ્રસંગે નવદંપતિઓને દાન-ભેટ આપનારા તમામ દાતાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. ડી.એમ. નડિયાદ ડૉ. જિગર શ્રીમાળી, ડૉ. ગિરીશભાઈ પંડ્યા, ઈન્દ્રવદન પંડ્યા, જયંતિભાઈ કે. શ્રીમાળી માલવણ, પ્રમોદભાઈ એમ. પંડ્યા દધાલીયા પત્રકાર સહિત સંસ્થાના કારોબારી સભ્યો આમંત્રિતો વાલીઓ સમૂહ લગ્નોત્સવના દાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સમગ્ર પ્રસંગને સફળ બનાવ્યો હતો.

# ધનસુરા ચાર રસ્તા ટ્રાફિકનો પ્રશ્ન હલ કરવા રજુઆત

ધનસુરા, તા. ૧

અરવલ્લી જિલ્લાના હાર્દ સમા ધનસુરા ચાર રસ્તા આગળથી રોજના અસંખ્ય વાહનોની અવરજવર રહે છે. પરપ્રાંતની લોડીંગ ટ્રકો ટ્રાફિક જામ કરી દે છે. વારંવાર ટ્રાફિક જામ થઈ જાય છે. આ ચાર રસ્તા આગળથી રોજ સવાર સાંજ પાંચ શૈક્ષણિક સંસ્થાઓના ૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ રોડ ક્રોસ કરે છે. ત્યારે ક્યારેક અકસ્માત સર્જાય છે. અત્યાર સુધી આ રોડ ઉપર ચારથી વધુ વિદ્યાર્થીઓએ અકસ્માતમાં જીવ ગુમાવ્યો છે. આ ચારરસ્તા મોડાસાથી નડિયાદ રોડ ઉપર ડીવાઈડર અને સર્કલ બનાવવા અનેકવાર મૌખિક અને લેખિત રજુઆત કરેલ છે. કોઈ પરિણામ ન આવતા ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચે પ્રતિનિધિમંડળ વિભાગના મંત્રી સમક્ષ લેખિત રજુઆત કરી હોવાનું જાણવા મળેલ છે.

# સાઈન બોર્ડના અભાવે અકસ્માતની ભીતિ

બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુરમાં હાલ રસ્તાના કામોને અગ્રિમતા આપી ઠેર ઠેર નવીન માર્ગો બનાવવાનું જારી છે જોકે નક્કર આયોજન અને પ્લાંનિંગ ના અભાવે પાલનપુર ના જાહેર માર્ગો પર બની રહેલા નવીન માર્ગો ના લીધે વાહનચાલકોની હાડમારીઓ વધી ગઈ છે..શહેરના માલણ દરવાજા વિસ્તારમાં પાટણની અરહમ એજન્સી દ્વારા નવીન માર્ગનું કાર્ય હાલ ચાલી રહ્યું છે જેમાં હાલ માર્ગને એક ફૂટ ખોદી દેવાયું છે જેના લીધે માર્ગ નીચેની પાણીની પાઈપ લાઈનો તૂટી ગઈ છે મોડી રાત્રે આડેધડ જેસીબી મશીન ચલાવી ને રસ્તાને અડધા થી વધુ ખોદી દેવતા બંને તરફનો ટ્રાફિક ખોરવાઈ ગયો છે અહીં આખો દિવસ હજારો વાહનો પસાર થાય છે તેમ છતાં એજન્સી દવારા કોઈ પણ તકેદારી દાખવાઈ નથી અને પાલિકાના બાંધકામ કમિટીના ચેરમેને પણ જાણે ગાંધારી પટ્ટી ધારણ કરી હોય એમ એજન્સીને કોઈ સૂચના આપી હોય તેવું સ્થળ પરની વાસ્તવિકતા જોતા લાગતું નથી.